અગત્યનું

ક્રમાંક:મઉમશબ/સંશોધન/2025/1032-1080
ગુજરાત માધ્યમિક અને
ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ,
સેકટર-10 બી, જૂના સચિવાલય પાસે,
ગાંધીનગર. તા.01/04/2025

પ્રતિ,
જિલ્લા શિક્ષણાધિકારીશ્રી (તમામ),
ગુજરાત રાજ્ય.

વિષય :- ધોરણ-9 અને 11 ની વાર્ષિક પરીક્ષા બાબત.
સંદર્ભ :- (1) અત્રેનો પત્રક્રમાંક:મઉમશબ/સંશોધન/2024/1927-72, તા.05/07/2024.
(2) રાજ્ય પરીક્ષા બોર્ડનો પત્રક્રમાંક:રાપબો/CGMS/2025/4250-52, તા.27/03/2025.

ઉપરોક્ત વિષય અન્વયે જણાવવાનું કે સંદર્ભ-(1) દર્શિત અત્રેના પત્રથી શૈક્ષણિક વર્ષ 2024-25 ના શાળાકીય પ્રવૃત્તિ કેલેન્ડરની વિગતો જાહેર કરવામાં આવેલ હતી. ઉક્ત કેલેન્ડરમાં દર્શાવ્યા મુજબ ધોરણ-9 અને 11ની શાળાકીય વાર્ષિક પરીક્ષાઓ તા.07/04/2025 થી તા.19/04/2025 દરમ્યાન યોજાનાર છે.

સંદર્ભ-(2) દર્શિત રાજ્ય પરીક્ષા બોર્ડના પત્રથી જણાવ્યા મુજબ જ્ઞાન સાધના મેરીટ સ્કોલરશીપ પરીક્ષા તા.12/04/2025ના રોજ બપોરે 12:00 કલાકથી 02:30 કલાક દરમ્યાન રાજ્યના તમામ જિલ્લાઓમાં યોજાનાર છે. જેથી સદર પરીક્ષાના ફલક, પરીક્ષાર્થીની સંખ્યાને ધ્યાને રાખીને તા.12/04/2025ના રોજ યોજાનાર માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓની શાળાકીય વાર્ષિક પરીક્ષાના સમયમાં ફેરફાર કરવા માટે વિનંતી કરેલ છે.

શાળાકીય પરીક્ષાઓનો વિષયવાર કાર્યક્રમ તેમજ પ્રશ્નપત્રો શાળા વિકાસ સંકુલ દ્વારા અથવા શાળા કક્ષાએ નિયત કરવામાં આવે છે. જે ધ્યાને લેતાં રાજ્યની તમામ માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓમાં એકસૂત્રતા જળવાય તે હેતુથી ધોરણ-9 અને 11ની તા.12/04/2025ના રોજ યોજાનાર શાળાકીય વાર્ષિક પરીક્ષા તા.21/04/2025ના રોજ લેવાની રહેશે. આ અંગે જરૂરી કાર્યવાહી કરવા માટે આપની તાબાની તમામ માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓને જાણ કરશો.

(બી. એન. રાજગોર)
સંયુક્ત નિયામક
ગુજરાત માધ્યમિક અને
ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ,
ગાંધીનગર.

નકલ સવિનય રવાના (જાણ સારું) :-

- અંગત સચિવશ્રી, માન.મંત્રીશ્રી, શિક્ષણનું કાર્યાલય, સ્વર્ણિમ સંકુલ-1, સચિવાલય, ગાંધીનગર.

- અંગત સચિવશ્રી, માન.મંત્રીશ્રી (રા.ક.) શિક્ષણનું કાર્યાલય, સ્વર્ણિમ સંકુલ-2, સચિવાલય, ગાંધીનગર.
- અંગત સચિવશ્રી, માન.સચિવશ્રી, (પ્રા.શિ. અને મા.શિ.), શિક્ષણ વિભાગ, ગાંધીનગર.
- માન.અધ્યક્ષશ્રી, ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ, ગાંધીનગર.
- માન.નિયામકશ્રી, શાળાઓની કચેરી, વિદ્યા સમીક્ષા કેન્દ્ર, ગાંધીનગર.
- માન.નિયામકશ્રી, પ્રાથમિક શિક્ષણ, વિદ્યા સમીક્ષા કેન્દ્ર, ગાંધીનગર.
- માન.નિયામકશ્રી, જી.સી.ઈ.આર.ટી., સેક્ટર-12, ગાંધીનગર.
- માન.અધ્યક્ષશ્રી, રાજ્ય પરીક્ષા બોર્ડ, ગાંધીનગર.
- નાયબ અધ્યક્ષશ્રી, ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ, ગાંધીનગર.

નકલ રવાના (જાણ સારૂ) :-

- સંયુક્ત નિયામકશ્રી (પરીક્ષા), ગુ. મા. ઉ. મા. શિક્ષણ બોર્ડ, ગાંધીનગર.
- સચિવશ્રી, ગુ. મા. ઉ. મા. શિક્ષણ બોર્ડ, ગાંધીનગર.
- નાયબ નિયામકશ્રી (પરીક્ષા) (વિજ્ઞાન પ્રવાહ), ગુ. મા. ઉ. મા. શિક્ષણ બોર્ડ, ગાંધીનગર.
- નાયબ નિયામકશ્રી (પરીક્ષા) (સામાન્ય પ્રવાહ), ગુ. મા. ઉ. મા. શિક્ષણ બોર્ડ, ગાંધીનગર.
- નાયબ નિયામકશ્રી (પરીક્ષા) (SSC), ગુ. મા. ઉ. મા. શિક્ષણ બોર્ડ, ગાંધીનગર.